ઐતિહાસિક સ્વાભિમાન પર્વની ઉજવણીમાં દ્વારકા શંકરાચાર્ય ગુરુકુળના ઋષિકુમારો દ્વારા મંત્રોચ્ચાર

દ્વારકા : પ્રથમ જ્યોર્તિલિંગ ભગવાન સોમનાથના સાનિધ્યમાં ઐતિહાસિક 'સ્વાભિમાન પર્વની ઉજવણી શરૂ થઈ ગઈ છે. આ વેળાએ વડાપ્રધાનના રોડ-શો અને વિશાળ જનસભા સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો ઉજવાશે. આ વેળાએ સ્વાભિમાનપર્વમાં શ્રી શંકરાચાર્ય ગુરુકુળના ઋષિકુમારો દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવશે.ગુજરાત સરકારના આગ્રહથી શ્રી શંકરાચાર્ય ગુરુકુળના ઋષિ કુમારો સ્વાભિમાનપર્વના કાર્યક્રમમાં સહભાગી થયા છે. આ અવસરે ભગવાન સોમનાથ દાદાના સાનિધ્યમાં સતત પાંચ દિવસ વિવિધ મંત્ર ઉચ્ચારો, પાઠો, જપ આદિ કરી વાતાવરણમાં વૈદિકતા ભરશે.

લાલપુરમાં ભરબજારે દારૂ ઢીંચીને વાણી-વિલાસ કરતા શખ્સને દબોચી લેવાયો

જામનગર : ગુજરાતમાં દારૂબંધી છે, તેમ છતાં કેટલાક દારૂના પ્યાસીઓ છાને ખૂણે અથવા તો જાહેરમાં દારૂનો નશો કરીને પોલીસ તંત્રની આબરૂના ધજાગરા ઉડાવી રહ્યા છે. આવો જ એક વિડીયો લાલપુરમાં વાયરલ થયો હતો. ત્યારબાદ લાલપુરનું પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું, અને એક પરપ્રાંતિય નશાબાજને પકડી લીધો છે, અને પોલીસ લોકમાં બેસાડ્યો છે.

લાલપુરમાં ભરબજારે એક શખ્સ જાહેરમાં દારૂનો નશો કરીને દંગલ મચાવી અને બેફામ વાણી વિલાસ કરતો હતો, ત્યારબાદ પોતાના ખિસ્સામાંથી એક પ્લાસ્ટિકની દારૂ ભરેલી કોથળી કાઢી હતી, અને બફાટ કરી રહ્યો હતો. તેના હાથમા રહેલી દારૂની કોથળી એકાએક ફૂટી ગઈ હતી, અને દારૂ માર્ગ પર ઢોળાવા લાગ્યો હતો.

દરમ્યાન તેણે કોથળીમાં જેટલો બચ્યો હોય તેટલો દારૂ જાહેરમાં જ પી લીધો હતો, અને દારૂની કોથળી જાહેરમાં ફેંકીને ચાલતી પકડી હતી.

જે અંગેનો વિડીયો લાલપુર સહિત સમગ્ર જિલ્લામાં વાયરલ થયો હતો, ત્યારબાદ લાલપુરનું પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું, અને મોડી સાંજે નશાબાદ શખ્સને શોધી કાઢ્યો હતો. પોલીસને પૂછપરછ દરમિયાન તેનું નામ ખેડૂ ઉર્ફે ભાવેશ જેતરભાઈ મોરી આદિવાસી (૨૫) મૂળ મહારાષ્ટ્રનો નાંદુરબારનો વતની હોવાનું અને હાલ લાલપુર તાલુકાના ગોવાણા ગામમાં એક ખેડૂતની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતો હોવાનું જણાવ્યું હતું. હાલ પોલીસે તેની સામે ગુનો નોંધી લોકઅપમાં બેસાડ્યો છે.

ભાણવડના રાણપર ગામે દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ, સંચાલક ફરાર

ખંભાળિયા : ભાણવડ તાલુકાના રાણપર ગામે ડુંગરની તળેટીમાં એક બેલાની ખાણમાં એલસીબી પોલીસે દરોડો પાડી દેશીદારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઝડપી પાડી હતી અને સ્થળપરથી સાધન સામગ્રી સહિત એક લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જ્યારે સંચાલક નાસી જતા તેની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ભાણવડ પંથકના રાણપર ગામે ડુંગરની તળેટીમાં આવેલ જૂની બેલાની ખાણમાં એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અહીંથી રૂપિયા ૫૦ હજારની કિંમતનો ૨ હજાર લીટર કાચો આથો, તથા ૫૦ હજારની કિંમતનો ૨૫૦ લીટર દેશી દારૂ અને સામાન મળી આવતા રૂપિયા ૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જ્યારે સંચાલક માયાભાઈ બાલાભાઈ રબારી નામનો શખ્સ હાજર નહીં મળી આવતા તેની સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ આરંભી છે.

જામનગર જિલ્લા ભાજપની પત્રકાર પરિષદમાં વી.બી. જી રામ જી યોજના અંગે વિગત આપતા સાંસદ

જામનગર : જામનગરમાં ગઈકાલે કેન્દ્ર સરકારના વી.બી.-જી રામ જી મીશન અંગે વિગતો આપવા માટે પ્રેસ કોન્ફરન્સ રાખવામાં આવી હતી. જેમાં જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પુનમબેન માડમ, જામનગર જિલ્લા ભાજપના અધ્યક્ષ ડો. વિનોદ ભંડેરી, જામનગર શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી ઉપસ્થિત રહ્યા હતા.

આ વેળાએ સાંસદ પૂનમબેને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૧ વર્ષના કાર્યકાળમાં લોકહિતને કેન્દ્રસ્થાને રાખીને નિર્ણયો લેવાયા છે. તેજ રીતે ગરીબ તેમજ વંચિત અને સમાજના છેવાડાના વ્યક્તિના વિકાસને મુખ્ય ધારામાં લાવવા માટે આ યોજનામાં વધુ રોજગારી, વધુ આવક આપવામાં આવશે.

કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ થકી એક દાયકામાં ૨૫ કરોડથી વધુ દેશવાસીઓ ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. તે રીતે આ યોજના રોજગારી, આવકની સાથે આર્થિક સુરક્ષા પણ આપશે. પહેલા મનરેગા યોજનામાં ૧૦૦ દિવસ કામ મળતું હતું ત્યારે હવે વી.બી. જી રામ જી યોજનામાં ૧૨૫ દિવસ કામની ગેરંટી મળશે. તેની સાથે ખેડૂતો જ્યારે વાવણી કે કાપણીની કાગમીરીમાં વ્યસ્ત હશે ત્યારે ૬૦ દિવસ સુધી યોજનાનું કામ રોકવાની જોગવાઈ કરવામાં આવી છે. તેના કારણે ખેતીની સિઝનમાં ૧૨૫ દિવસ અને ૬૦ દિવસ મળી ૧૮૫ દિવસ રોજગારી મળી શકશે.

આ યોજનામાં જળસુરક્ષા, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ રોજગારી અને કુદરતી આપત્તિ સામેનું રક્ષણ રાખવામાં આવ્યું છે. યોજનાના સુચારૂ અમલ માટે બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન, જીયોટેગીગ, રીયલ ટાઈમ ડેસ્બોર્ડ દ્વારા પારદર્શિકા રાખવામાં આવશે. વેતનની ચૂકવણી સમયસર થાય તે માટે વિલંબ અંગે વળતરની પણ જોગવાઈ કરવામાં આવી છે. આમ વિકસિત ભારત જી રામ જી યોજના શ્રમનું સન્માન છે.

આ યોજના ગામડા અને ગરીબોને સશક્ત કરવામાં યોગદાન આપશે. આઝાદીના શતાબ્દી વર્ષ-૨૦૪૭માં પ્રત્યેક ક્ષેત્રમાં વિશ્વસ્તરે ભારતની અગ્રેસરતા માટે વડાપ્રધાન દુરંદેશીતા સાથે દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. મનરેગા યોજના વર્ષ ૨૦૦૫માં શરૂ થઈ હતી પરંતુ ત્યારથી આજનું ગ્રામીણ ભારત ઘણું બધું બદલાઈ ચૂક્યું છે. વર્ષ ૨૦૧૧-૧૨માં ગ્રામીણ ગરીબીનું પ્રમાણ ૨૫.૭ટકા હતું તે ગાયા વર્ષમાં ઘટીને ૪.૮૬ ટકા થઈ ગયું છે. મનરેગા યોજનામાં ૧૫ દિવસે વેતન ચૂકવાતું હતું. જ્યાર જી રામ જી યોજનામાં સાપ્તાહિક વેતન ચૂકવાશે. પારદર્શિતા વધવાના કારણે નકલી લાભાર્થીઓ તેનો લાભ નહીં મેળવી શકે.

જામનગરમાં જી રામ જી મીશન અંગે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

જામનગરમાં ચાઈનીઝ દોરાનું વેચાણ કરનાર વેપારી સામે કાર્યવાહી

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનારા વિક્રેતાઓ સામે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, અને પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનારા વેપારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

દરમિયાન જામનગરમાં નૂરી ચોકડી વિસ્તારના પતંગ અને દોરાનો વેપાર કરી રહેલા એક વેપારી દ્વારા પતંગ અને દોરાના વેચાણની સાથે સાથે ચાઈનીઝ દોરાનું વેચાણ પણ થતું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

જેથી પોલીસે વેપારી તૈફિક અબ્દુલભાઈ સંધીના કબજામાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરા વાળી ૧૪ નંગ ફીરકી મળી આવતાં કબજે કરી લેવામાં આવી છે, અને તેની સામે જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજાયો

દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીના ભાવિક ભકત દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે અન્નકૂટ મનોરથ યોજવામાં આવ્યો હતો. ગુરૂવારના કેસરી વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતી તથા મંગલા દર્શનનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

હાપા જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા કડકડથી ઠંડીમાં નિરાધાર માટે રેન બસેરા તૈયાર કરાયો

આશ્રિતો માટે ચા-નાસ્તો, ગરમ પાણી, ભોજન, રહેવાની સુવિધા બનાવાઈ

જામનગર : જામનગરમાં શ્રી જલારામ સેવા ટ્રસ્ટ હાપા, પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હોલ, તેમજ જલારામ મંદિર હાપા દ્વારા કડકડતી ઠંડીમાં રેન બસેરા 'જલારામ નો આશરો' તૈયાર કરવામાં આવ્યો છે. હાલમાં કડકટથી ઠંડીમાં નીરાસરી તો માટે આપવામાં જલારામ નો આશરો તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં રહેવા માટે અને સુવા માટેના બેડ, ઉપરાંત હીટર વડે ગરમ પાણી, ચા નાસ્તો સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં કોઈ નાગરિકોને આવા નિરાધાર અથવા નિરાશ્રીતો નજરે પડે તો, તેઓને તુરતજ હાપા જલારામ મંદિરે પહોંચાડવા અથવા તો તેઓને અહીં પહોંચવા માટે સહયોગ આપવા અનુરોધ કરાયો છે.

જામનગરમાં સિન્થેટિક બાસ્કેટબોલ કોર્ટ માટે પે એન્ડ પ્લે આધારે ખેલાડીઓની સીલેકશન યોજાશે

જામનગર : જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જામનગર ખાતે આવેલ એક માત્ર સિન્થેટિક બાસ્કેટબોલ કોર્ટ જામનગર ખાતેનું કોમ્પ્લેક્ષ ધરાવે છે.

જામનગર જિલ્લાના ખેલાડીઓ બાસ્કેટબોલ રમત ક્ષેત્રે ખેલ મહાકુંભ, જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષા સુધી ઉત્તમ પ્રતિભા દર્શાવી શકે તે આશયથી સંકુલ ખાતે પે એન્ડ પ્લેના ધારા ધોરણ મુજબ સીલેકશન પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૩૧/૧૨/૨૦૧૬ પહેલા જન્મેલા ખેલાડીઓ સીલેકશન પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. તા. ૧/૧/૨૦૧૭ પછી જન્મેલા ખેલાડીઓ, જેમની ઊંચાઈ ૧૭૩ સેન્ટીમીટર અથવા તેથી વધુ હોય, તેઓ પણ સીલેકશન પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. સીલેકશન પ્રક્રિયા તા. ૧૦/૦૧/૨૦૨૬ અને તા. ૧૧/૦૧/૨૦૨૬ દરમિયાન સવારે ૭ થી ૧૦ કલાક દરમિયાન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન ખાતે યોજાશે.

કન્વીનર અને સંપર્ક વિગતો નીસીત ઠાકર, મોબાઈલ: ૮૮૩૩૪૩૫૧૦૮ છે. વધુ માહિતી માટે સોમવારથી શનિવાર, સવારે ૧૦ થી સાંજે ૬:૦૦ દરમિયાન કચેરી ફોન: ૦૨૮૮-૨૬૭૭૮૧૬ ફોનથી અથવા રૂબરૂ સંપર્ક કરી શકાશે. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી બી.જે.રાવલિયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

દ્વારકામાં વેસ્ટ કલેકશન અને નિકાલમાં નિયમોના ઉલ્લંઘનથી આરોગ્યને ખતરો

દ્વારકા : દ્વારકા યાત્રાધામમાં દરરોજ હજારો યાત્રીકોના અવર-જવરને લીધે હોટેલ - રેસ્ટોરાં - ભવન ઈત્યાદિમાં યાત્રીકોનો સતત ઘસારો જોવા મળે છે. દ્વારકા નગરપાલીકાના સફાઈ વિભાગ દ્વારા સોલીડ વેસ્ટના નિકાલ માટે ડોર-ટુ-ડોર કલેકશનની સાથે સાથે કોમર્શીયલ એકમો પાસેથી ખૂલ્લા ટ્રેકટરમાં ઘન કચરો એકત્ર કરાતો હોય જેના કારણે બદબૂભર્યા ટ્રેકટરથી સફાઈકર્મીઓ ઉપરાંત ડોર-ટુ-ડોરની પધ્ધતિથી એકત્ર કરાતા ઘન કચરામાં મહદંશે

એઠવાડ ઈત્યાદિને લીધે જાહેર આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે. હાલમાં ઠંડીની સીઝનમાં ટાઈફોઈડ, શરદી - ઉધરસ જેવી બિમારીઓ આમ હોય અને મુખ્યમંત્રીએ પણ દરેક શહેરી વિસ્તારમાં સફાઈ અંગે કડક આદેશો કર્યા છે ત્યારે દ્વારકા નગરપાલીકાના સફાઈ વિભાગ દ્વારા અણઘડ રીતે નિયમોના ઉલ્લંઘન સમાન કામગીરીથી દ્વારકા આવતા યાત્રીકો તથા સ્થાનીકોના જાહેર આરોગ્ય માટે ગંભીર ખતરો ઊભો થયો છે.

જામનગરમાં જાહેરમાં જુગાર રમતી આઠ મહિલાઓ ઝડપાઈ

જામનગર : જામનગરમાં દેવુભાના ચોક નજીક વ્યાસ ફળીમાં અમુક મહિલાઓ જાહેરમાં જુગાર રમે છે તેવી બાતમી સીટી એ. ડિવિઝન પોલીસને મળી હતી. જેથી ગઈકાલે સાંજે ઘટનાસ્થળે જઈ દરોડો પાડ્યો હતો, જ્યાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલી મીનાબેન જેન્તીભાઈ ચાવડા, ઈન્દિરાબેન બીપીનભાઈ ચૌહાણ, પૂનમબેન દુર્ગેશભાઈ ચૌહાણ, મીતાબેન ધર્મેશભાઈ રાઠોડ, આશાબેન વિમલભાઈ સોલંકી, વિલાસબેન ભરતભાઈ જેઠવા જયાબેન જયસુખભાઈ પરમાર, તેમજ હંસાબેન જેન્તીભાઈ જેઠવાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૫,૨૫૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

ઓનલાઈન ટેન્ડરીંગ

માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ,દેવભૂમિ દ્વારકા

જાહેર નિવિદા નં.૪૦/૨૦૨૫-૨૬

જિલ્લા પંચાયત દેવભૂમિ દ્વારકા વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ દેવભૂમિ દ્વારકા દ્વારા સરકારશ્રીની વિવિધ યોજના લગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રસ્તાના જુદા જુદા કામ માટે ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાનવિભાગ તેમજ નર્મદા જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં જરૂરી કક્ષામાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવેલ છે.જેની અંદાજીત રકમ રૂ.| ૩૫૧.૩૯ લાખ સુધીની છે. આ કામના ટેન્ડરો વેબ સાઈટ https://tender.nprocure.com પર ઉપલબ્ધ થશે.વધુ વિગતો માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવો.તેમજ વિગતવાર જાહેર નિવિદા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે. આવેલ તમામ ટેન્ડરો સ્વીકારવા કે ન સ્વીકારવાનો હક અબાધિત રહેશે.

ટેન્ડર ભરવાની શરુ તારીખ અને સમય	તા.૦૯/૦૧/૨૦૨૬ બપોરે ૧૨ :૦૦ વાગ્યાથી શરુ
ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય	તા.૧૭/૦૨/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી
ટેન્ડર ખોલવાની તારીખ અને સમય	તા.૧૯/૦૨/૨૦૨૬ બપોરે ૧૨ :૦૦ વાગ્યે

માહિતી/જામ/૯૪૭૭/૨૦૨૬

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)